# મિત્રો.. આવો.. FNTO ને ઓળખીએ...

તાજેતર ના કેટલાક વર્ષો અને તે પણ ખાસ કરીને ૨૦૦૪ માં યુનાઈટેડ ફોરમમાં જોડાયા બાદ FNTO તરફથી એવુ પ્રદર્શિત કરવામાં આવ્યુ કે FNTO કામદારો ના સંઘર્ષની તરફેણમાં છે અને આમ કરીને FNTO તરફથી ૧૯૬૮ અને ૧૯૭૪ (રેલ્વે કેન્દ્ર સરકારના કર્મચારીઓ)ની હડતાળ માં ભંગાણ કરાવનાર ની પોતાની છબી સુધારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

આવા દંભી પ્રયાસો પછી પણ ૧૧ જુલાઈ,૨૦૦૭ ની હડતાળ અંગેની જોઈન્ટ ફોરમની મિટીગમાં FNTO દ્વારા તા. ૧૧.૦૭.૨૦૦૭ ની હડતાળ નો વિરોધ કરવામાં આવ્યો પરંતુ આખરે BSNLEU અને Executive Association ના દબાણ સામે FNTO એ મુકવું પડયું અને FNTO ને હડતાળમાં સામેલ થવું પડયું.

Joint Forum છોડયા બાદ પછી FNTO એ ફરીથી કામદારોના સંઘર્ષ ના શસ્ત્ર " હડતાળ" ને નબળું પાડવાનું શરૂ કર્યુ. કામદારોની હડતાળોને તોડવાના સઘન પ્રયત્નો આદર્યા. જેમાં FNTO ને Management નો સંપૂર્ણ સહયોગ મળ્યો.

તાજેતરમાં FNTO એ જણાવ્યું કે Management તરફથી કંઈપણ ઓફર આપવામાં આવશે તે સ્વીકાર્ય હશે પરંતુ જયારે BSNLEU/United Forum તરફથી Top Level Executives ને અપાયેલ 78.2% Fitment ના લાભોની માગંણી કરવામાં આવી ત્યારે પણ FNTO તરફથી કર્મચારીઓ ને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. દર 5 વર્ષે Wage Revision ની માગંણી નો પણ FNTO દ્વારા સીધો વિરોધ કરવામાં આવ્યો અને કર્મચારીઓ સમક્ષ એવું જણાવ્યું કે ૧૦ વર્ષે Wage Revision કરવું વધુ ફાયદાકારક રહેશે. FNTO તરફથી એવો પણ પ્રચાર કરવામાં આવ્યો કે BSNLEU શા માટે Retired Employees, Causal અને Contract Labour ના પ્રશ્નો ઉઠાવી રહયું છે? શું આપણે આ સૌ સાથીઓ ની સમસ્યાઓની અવગણના કરી શકીએ?

<u>**Management માટે સહી ઝુંબેશ**</u> : Management ના ઈશારે FNTO દ્વારા સહી ઝુંબેશ શરૂ કરવામાં આવી. કર્મચારીઓ ને Declaration Form ભરવા માટે જણાવવામાં આવ્યું ઘણી જગ્યાઓએ કર્મચારીઓ ને ફરજ પાડવામાં આવી તો કેટલીક જગ્યાઓ એ કર્મચારીઓની બનાવટી સહીઓ કરવામાં આવી. આટલા ધમપછાડા કરવા છતાં FNTO દ્વારા ભરાવેલ Declaration Form ની સંખ્યા કુલ કર્મચારીઓના ૨% સુધી પણ ન પહોંચી શકી. FNTO ની ગંદી રમત અને રાજકારણ કરૂણ રકાસ થયો.

<u>**૨૦૦૯ હડતાળમાં ભંગાણ ના પ્રયાસો**</u> : તાજેતરમાં પણ FNTO તરફથી આપણી વ્યાજબી માગંણીઓ અને હડતાળ અંગે દુષ્પ્રચાર કરવામાં આવ્યો FNTO ના કેટલાક નેતાઓ એ જાહેરમાં અવળવાણી ઉચ્ચારી અને હજારો SMS ફરતાં કરવામાં આવ્યા. કર્મચારીઓને અવળે માર્ગે દોરી હડતાળમાં ભંગાણ પડાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો પરંતુ શાણા સમજુ કામદારોએ ૧૯–૨૦ ઓગષ્ટની હડતાળને સંપૂર્ણ સફળ અને ઐતિહાસિક બનાવી.

**Management ના Agent તરીકે ભૂમિકા** : ૪૮ કલાકની હડતાળની સફળતા જોઈને અકળાઈ ઉઠેલા FNTO ના નેતાઓ એ જોયું કે FNTO ના અને NFTE ના સભ્યો પણ હડતાળમાં જોઈ રહયા છે. ગભરાઈ ગયેલા FNTO ના નેતાઓ એ CMD-BSNL, Director HRD સહિતના અનેક ઉચ્ચ અધિકારીઓ ને મળી ખોટી ફરિયાદો કરી તેમણે એવી પણ રજૂઆત કરી કે ધરણાં–પ્રદર્શન અને હડતાળ ને Management તરફથી સખત હાથે દબાવી દેવી જોઈએ. FNTO તરફથી હડતાળમાં ભાગ લઈ રહેલા કર્મચારીઓ વિરૂધ્ધ Police માં FIR નોંધવા માટે પણ MANAGEMENT પર દબાણ કરવામાં આવ્યું ૧૯૬૮ અને ૧૯૭૪ ની હડતાળમાં FNTO એ આ જ કર્યું હતું. ઈતિહાસની આ વાતો સાક્ષી છે.

FNTO તરફથી Management સમક્ષ હડતાળમાં ભાગ લઈ રહેલા કર્મચારીઓ ના પગાર કાપવાની રજૂઆત કરવામાં આવી. એમાં કંઈ નવાઈ પામવા જેવું નથી. FNTO નો એ જન્મજાત સ્વભાવ છે.

**અચોકકસ મુદતની હડતાળ** : તા. ૧૯–૨૦, ઓગષ્ટ ૨૦૦૯ ની ૪૮ કલાકની હડતાળની અદ્દભૂત સફળતા જોઈને સમગ્ર દેશમાં થી સાથી મિત્રો તરફથી અચોકકસ મુદતની હડતાળ પાડવાના સુચનો અનેક સંદેશાઓ મળ્યા પરંતુ સમગ્ર પરિસ્થિતિ ને ધ્યાનમાં લઈ યુનાઈટેડ ફોરમના સાથીઓ સાથે વિસ્તૃત ચર્ચા–વિચારણા કરી અચોકકસ મુદતની હડતાળનું એલાન ન આપવામાં આવ્યું. યુનાઈટેડ ફોરમ તરફથી ૪૮ કલાકની હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું તે નોંધવું અત્રે ખૂબજ જરૂરી છે.

અનેક અવરોધ,અડચણો અને FNTO નો દુષ્પ્રચારહોવા છતાં હડતાળ સંપૂર્ણ સફળ થઈ છે. હવે વાટાઘાટોનો દોર શરૂ થશે. યુનાઈટેડ ફોરમ BSNLEU ની આગેવાની માં કર્મચારીઓ માટે મહતમ લાભો મેળવવા પ્રયત્ન કરશે. સાથીઓ, કામદારોના હિત વિરૂધ્ધની પ્રવૃતિઓ કરનાર સંગઠનો ના શું હાલ થાય છે તેનું જીવંત ઉદાહરણ FNTO આપની સમક્ષ છે.

# સાથીઓ સંગઠિત રહો.. દુષ્પ્રચાર થી દૂર રહો..

**VAN Namboodiri**
Convener,
United Forum of
BSNL Unions

**M.K.Dave**
Circle Secreatry,
Gujarat Circle.